## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



જગન્નાથ રૂગનાથ ભટ્ટ
(૧૯૨૯) ફોન. ૨૩૨ ૨૦૮૩૨

# આજથી પવિત્ર રમઝાન માસનો પ્રારંભ

## મુસ્લિમ સમાજમાં ઉત્સાહનો માહોલ : મસ્જિદોમાં પાંચ ટાઈમ નમાઝ પઢી ખુદાની ઈબાદત કરશે

ગાંધીનગર, તા.૨૧

મુસ્લિમ સમાજના પવિત્ર રમઝાન માસનો આવતીકાલથી પ્રારંભ થશે. આજે શનિવારે રાતથી મુસ્લિમ બિરાદરો પહેલી તરાવીહની નમાઝ અદા કરશે. પવિત્ર રમઝાન માસ શરૂ થવાને આડે હવે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહ્યા હોઈ મુસ્લિમ સમાજમાં ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે.

મુસ્લિમ સમાજમાં પવિત્ર રમઝાન માસનું વિશેષ મહત્વ રહેલું છે. શુક્રવારે ચંદ્રદર્શન ન થતા હવે આવતીકાલે રવિવારથી રમઝાન માસનો પ્રારંભ થશે. કાલે પહેલું રોઝુ રામી ખુદાની ઈબાદત કરશે. શહેરની ત્રણ મસ્જિદો ઉપરાંત કેટલાક સ્થળોએ રાત્રે તરાવીહની નમાઝ અદા કરવામાં આવશે. આજે શનિવારે પહેલી તરાવીહની નમાઝ અદા કરાશે. મસ્જિદોમાં સાંજે ઈફતારીના કાર્યક્રમો પણ યોજાશે.

રમઝાન માસ દરમિયાન જકાત ખેરાતનું પણ વિશેષ મહત્વ રહેલું છે. પવિત્ર એવા આ માસમાં મુસ્લિમ બિરાદરો યથાશકિત મુજબ જકાત ખેરાત કરી પુણ્યનું ભાથું બાંધશે. રમઝાન માસને અનુલક્ષીને શહેરની મસ્જિદોમાં રોશનીનો શણગાર કરવામાં આવશે. આ પવિત્ર માસનો પ્રારંભ થતા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખજુર, શરબત અને ફળોની ખરીદી થઈ રહી છે. બજારોમાં શનિવારની સાંજે રમઝાન માસની ખરીદી મોટા પાયે થઈ હતી.



ગુજરાત રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા નિયુક્ત થયેલ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ન્યાયાધીશ ભાસ્કર ભટ્ટાચાર્યને તેમના હોદ્દાના શપથ આજે રાજભવન ખાતે લેવડાવ્યા હતા. આ શપથ સમારોહમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ, રાજય મંત્રી મંડળના સભ્યો, ગુજરાત વડી અદાલતના ન્યાયાધીશશ્રીઓ, મુખ્ય સચિવશ્રી એ.કે. જોતિ સહિત અન્ય મહાનુભાવો, ઉચ્ચઅધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શાહપુરમાં માથાભારે તત્વોના ત્રાસથી મહીલા ભયભીત : પોલીસ રક્ષણની ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૨૧

શાહપુરમાં મકાન ખરીદનાર પરિવારજનોને અગાઉના મકાન માલિક તેમજ તેમના મળતિયાઓ દ્વારા ત્રાસ આપી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવતી હોવાની ફરિયાદ ડભોડા પોલીસ મથકે નોંધાઈ છે. ભયભીત પરિવારજનોએ પોતાના મકાનને અનુલક્ષી કમ્પાઉન્ડ વોલનું કામ હાથ ધરવા પોલીસ રક્ષણ માંગવાની ફરજ પડી છે. ભયના ઓથા હેઠળ જીવતા પરિવારજનોએ આ અંગે મુખ્યમંત્રીને પણ રજૂઆત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સે-૨-સીમાં પ્લોટ નં. ૮૨૨/૨માં રહેતા નીતાબહેન મહેન્દ્રભાઈ દેસાઈએ જૂઆતમાં જણાવ્યા અનુસાર તેમણે અગાઉ જિલ્લાના શાહપુર ગામમાં મકાન ખરીદ્યું હતું. મકાન વેચાણ રાખ્યા બાદ તેઓ પોતાના પરિવારજનો સાથે મકાનની દેખભાળ માટે શાહપુર જતા આવતા હોય છે. આ દરમિયાન તેમને મકાન વેચાણ આપનાર અગાઉના મકાન માલિક રાજુભાઈ મગનભાઈ પટેલ (રહે. શાહપુર) તેમજ અશોક મગનભાઈ પટેલ, વિનુભાઈ પટેલ સહીતના તેમના અન્ય મળતિયાઓ અને સગા સંબંધીઓ દ્વારા તેમને શારિરીક-માનસિક ત્રાસ આપી જાનથી મારી નાંખવાની ધમકી આપે છે. મહિલાએ રજૂઆતમાં જણાવ્યા અનુસાર આ માથાભારે તત્વો દ્વારા અવાર નવાર ધમકીઓ અપાતા તેમની સગીર દીકરી અને પતિ સહિતના પરિવારજનોની સલામતી સામે મોટું જોખમ ઉભું થયું છે. પોતાના મકાનમાં જ કમ્પાઉન્ડવોલ અને એન્ટ્રન્સ ગેટ બનાવવાની કામગીરીને અનુલક્ષી પરિવારજનોને પોલિસ રક્ષણ પુરું પાડવાની પણ માંગણી કરવામાં આવી છે. વધુમાં તેમના પરિવારજનોની સલામતી માટે પોલીસતંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવા પણ રજુઆતમાં જણાવ્યું છે.

## નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગરના નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળની તાજેતરમાં સામાન્ય સભા મળી હતી. જેમાં પ્રમુખ તરીકે રમણલાલ શ્રીમાળી, મહામંત્રી તરીકે રણછોડભાઈ રાણા, મંત્રી તરીકે બી.ડી. સેઈલર, ખજાનચી તરીકે કાળીદાસ પરમાર, કારોબારી સભ્યો તરીકે હરિભાઈ રાઠોડ, ચંદ્રકાંત ધનેશ્વર, કાંતિભાઈ બારોટ, ડાહ્યાભાઈ પટેલ, પંઢરીનાથ જગતાપ, નિરંજનભાઈ ઓઝા, વર્ષાબેન દવે, પી.કે. શર્મા, મુખ્ય સલાહકાર તરીકે નિરંજનભાઈ પંડ્યા, સહ કલાકાર મોતીગીરી ગોસ્વામીની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

## જુ.સિ.કા.ની પ્રેરણાથી ચક્ષુદાન મળ્યું

ગાંધીનગરના જુનિયર સિટિઝન કાઉન્સિલના પ્રમુખ કમલ ચૌધરીએ જણાવ્યું છે કે, તાજેતરમાં ગાંધીનગરના સેક્ટર-૨૨ના નિવાસી મનુભાઈ મફતલાલ શાહનો ૬૮ વર્ષની વયે સ્વર્ગવાસ થતાં કુટુંબીજનો અને જગતભાઈના સહયોગથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે.

# પીપળીયા ગામના ખેડૂતે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પીપળીયા ગામે શુક્રવારે પોતાના ખેતરમાં ખેડૂતે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી નાખતા ગાંભોઈ પોલીસ મથકે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વિગત મુજબ પીપળીયા ગામના ભરતસિંહ ગલુસિંહ રહેવર (ઉ.વ. ૩૨)ના શુક્રવારના રોજ બપોરે ઘરેથી ૧૨.૩૦ વાગે ગામની સીમમાં આવેલ ખેતરમાં કામે ગયા હતા. દરમિયાન ગલુસિંહ રહેવર બપોરના ૩ વાગે ના સમયે પોતાના ખેતરમાં ગયેલા ત્યારે વડલાવાળા ખેતરમાં આંબાના ઝાડની ડાળીએ ગળે ફાંસો ખાઈ ગયેલી હાલતમાં ભરતસિંહને દેખતા પિતા કંપી ગયા હતા અને આ અંગે ગાંભોઈ પોલીસ મથકે જાણ કરાઈ હતી. ત્યાર બાદ પોલીસે સ્થળ પર આવી કાર્યવાહી કરી સોમસિંહ ગોપાલસિંહ રહેવરની ફરિયાદને આધારે અકસ્માતે મોતનો ગુનો નોંધી આત્મહત્યાના કારણ માટેની તપાસ હાથ ધરી હતી.

# ડીસા તાલુકા પોલીસે ડીસા શહેરમાંથી દારૂ ઝડપી પાડયો

ડીસા, તા.૨૧

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દારૂના વેપારીઓ ખુલ્લેઆમ દારૂનો વેપલો કરતા નજરે પડતા હોય છે. ડીસા શહેરમાં પણ દારૂ વેચતા વેપારીઓ ઠેર ઠેર દારૂનું વેચાણ કરતા નજરે પડે છે આવા દારૂના બુટલેગરો પર જિલ્લાના વડા અશોક કુમાર યાદવે લાલ આંખ કરી હોવા છતાં દારૂના વેપારીઓને કાંઈ પડી ના હોય તેમ દારૂનું વેચાણ કરે છે. થોડા દિવસ અગાઉ ડીસા શહેરના જયંત નગર તેમજ શ્યામ બંગ્લોઝ ખાતેથી એક લાખ ચોસઠ હજાર ચારસોનો દારૂ ઝડપી પાડયો હતો.




(તસવીર : કાન્તિલાલ લોધા, ડીસા)

ત્યારબાદ આજે રીસાલા બજારના રહેણાંક મકાનમાંથી બોતેર હજાર છસ્સોનો દારૂ ઝડપી પાડયો છે, ડીસા તાલુકા પોલીસે જિલ્લા પોલીસ વડા અશોક કુમાર યાદવની સુચનાથી ડીસાના રીસાલા મસ્જીદ સામે આવેલા ભાવેશ અશોકભાઈ મોદીના રહેણાંક મકાનના બાથરૂમમાં તાલુકા પોલીસે બાતમીના આધારે રેડ કરતા અંદરથી વિવિધ બ્રાન્ડની બ્રાન્ડેડ બોટલો જેવી કે રોયલ સ્ટેઝ, એન્ટી કુટી, રોયલ ચેલેન્ઝ, મેઝીક મુમન્ટ, બ્લેન્ડર પ્રાઈટ, સીગનેચર તેમજ બીયર જેવી બોટલો નંગ ૧૪૪ જેની કિંમત ૭૨.૬૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ રેડમાં તાલુકાના ઈન્ચાર્જ પી.આઈ. ડી.આઈ. સિસોદીયા તથા ગણેશભાઈ, રાજુભાઈ, પંડયાજી, જશુભા વગેરે પોલીસ સટાફે રેડ કરી હતી અને આ રેડ દરમિયાન દારૂનો વેપારી ભાવેશ ફરાર થઈ ગયો હતો. જો કે ડીસા શહેરની હદમાંથી તાલુકા પોલીસે આ દારૂ ઝડપતા શહેર પોલીસ ચોકી ઉઠી હતી.

## લાયન્સ કલબ દ્વારા સેક્ટર-૬ પ્રાથમિક શાળામાં દંત ચિકિત્સા કરી

ગાંધીનગર, તા.૨૧

લાયન્સ પરિવાર ગાંધીનગર તથા કર્ણાવતી દાંતની હોસ્પિટલ, ઉવારસદ દ્વારા સેકટર-૬, સરકારી પ્રાથમિક શાળા ખાતે શાળાના ૩૫૩ વિદ્યાર્થીઓની દાંતની તપાસનો તાજેતરમાં કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોને યોગ્ય દાંતની તપાસ કરી જરૂરી સલાહ આપવામાં આવી હતી.

ગાંધીનગરના સેકટર-૬માં આવેલી સરકારી પ્રાથમિક શાળાના ૩૫૩ વિદ્યાર્થીઓની તાજેતરમાં દંત ચિકિત્સા કરવામાં આવી હતી. દંત ચિકિત્સા દરમિયાન તજજ્ઞ ડોકટરોએ બાળકોને દાંત વિશે જરૂરી યોગ્ય દાકતરી સલાહ આપી હતી અને લાયન્સ કલબ ગાંધીનગરને તમામ બાળકોને દાંતની સુરક્ષા માટે ટુથપેસ્ટ અને ટુથબ્રશનું વિતરણ કર્યું હતું.

લાયન્સના પ્રમુખ અનિલ જયસિંઘાની, લાયન્સના માનદ મંત્રી નયન મધુકર, ખજાનચી હેમલ કોંઢિયાએ આ કાર્યક્રમમાં ખાસ હાજરી આપી બાળકોને જરૂરી પ્રોત્સાહન પૂરું પાડયું હતું. લાયોનેસ પ્રમુખ, મંત્રી તથા ખજાનચી પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડૉ. એ.આર. પટેલ, ડૉ. ડી.પી. ત્રિવેદી તથા શિરીષભાઈ મોદીએ કાર્યક્રમને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.



(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

જોધપુર નજીક રામદેવપરા રણુંજા બાબા રામદેવપીરના ભક્તોને ગુજરાતથી રાજ, જવા ઉપરોક્ત સ્થળે પહોંચવા ટ્રેનની અગવડતાઓને લઈ અનેક રજૂઆતો કરેલ. તેમ છતાંય રેલવે સત્તાવાળાઓ તરફથી યોગ્ય પગલાં ના ભરાતા પાલનપુર રેલવે જંકશન ઉપર યાત્રીકો દ્વારા અમદાવાદ જોધપુર ટ્રેન સામે દેખાવો કરાતા ખુબજ મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

## શબ્દાવલી - ૪૭૯૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | # | ૪ | ૫ | |
| ૬ | | # | ૭ | ૮ | | | # |
| ૯ | | ૧૦ | # | ૧૧ | | | # |
| # | ૧૨ | | ૧૩ | | # | # | ૧૪ |
| ૧૫ | | # | | # | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | | # | | # | |
| | # | | # | ૧૯ | | | |
| ૨૦ | | # | ૨૧ | | | # | # |

**આડી ચાવી**

૧. મુશ્કેલી (૪)
૪. શોધ, ખોળવું, ... કરવી (૩)
૬. નિવેદમાં ખીર સાથે બે... વાળી રોટલી કરે (૨)
૭. ધૃણા (૪)
૯. અંગીકાર કરવું, ... કરવો (૩)
૧૧. મારી નાખનાર વ્યક્તિ (૩)
૧૨. ધુરા, લગામ (૪)
૧૫. માલખુ, આંખો સહેજ ત્રાંસી હોવી (૨)
૧૬. ઉદાહરણ (૩)
૧૭. લાહરીયું, ઢીલું કામકાજ (૪)
૧૯. સાધના, જપ (૪)
૨૦. છૂટકારાનો ઉચ્ચાર (૨)
૨૧. છલની, ચાળવા માટેનો હવાલો (૩)

**ઊભી ચાવી**

૧. તપ કરનાર પુરૂષ (૩)
૨. લુખ્ખો, પૈસા પાસે ન રાખે તેવો (૬)
૩. મજા, મોજ (૨)
૪. તરી શકે તેવો પદાર્થ કે પ્રવાહી... પદાર્થ (૩)
૫. ભાણુ (૩)
૮. સાધુ, સંત (૩)
૧૦. નાડી (૨)
૧૩. ડોકમાં પહેરાતું ઘરેણું (૩)
૧૪. વિવેચન, અવલોકન (૪)
૧૫. એક ફિલ્મ અભિનેત્રી (૪)
૧૬. અન્ન - જળ (૪)
૧૮. ચીડ (૨)
૧૯. હૃદય, દિલ (૨)

### શબ્દાવલી ૪૭૯૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) નિપજ (૩) ઉગમણું (૬) રમતારામ (૭) શ્રીપદા (૯) રોગ (૧૧) તકલુ (૧૨) આશા (૧૩) રમા (૧૫) વાન (૧૬) બિન (૧૭) ઘરકામ (૧૯) આવાગમન (૨૦) સજાગ (૨૧) નાગણ

**ઊભી ચાવી :-** (૧) નિરાશ્રીત (૨) જરદાલુ (૩) ઉતારો (૪) ગરાગ (૫) મજા (૮) પકવાન (૧૦) આશાન (૧૨) આવાગમન (૧૩) રઘવા (૧૪) મારગ (૧૬) બિન્દાસ (૧૮) કામના (૧૯) આગ

## સમાચાર ઝલક

- 'મારૂતિ'નેય ગુજરાતમાં લાવવા મોદીનો પ્રયાસ, જાપાનના પ્રવાસમાં મોદી તક ઝડપી લેશે.
- રાજેશ ખન્નાની મિલ્કત મામલે વિવાદ.
- આઉટલૂક મેગેઝીને 'ટાઇમ'ની જેમ જ ઓબામાને અંડર એચિવર કહ્યા !
- પાલનપુર-આબુ હાઇવે પર સાંઇબાબા મંદિર ગામે ગમખ્વાર અકસ્માત : ૨ વિદ્યાર્થીઓનાં મોત.
- ભારતીયો આંખોની તપાસ ન કરાવવામાં સર્વોચ્ચ સ્થાને.
- અમેરિકામાં સિનેમા હોલમાં ગોળીબાર : ૧૪ના મોત. બુકાનીધારી શખ્સે આતંક મચાવ્યો.
- કુદરતને કોઇ કહે, રાહ જોઇ મેઘની થાક્યા માનવના નેણ, વરૂણદેવ રીઝવવા સમગ્ર ગુજરાતમાં પ્રાર્થના.
- સ્પેક્ટ્રમ હરાજી માટે નીચા ભાવની અંતે ભલામણ થઇ.
- રેગીંગ બાબતની ફરિયાદ હવે ૨૬ જુલાઇથી ઓનલાઇન કરાશે.
- રાષ્ટ્રપતિની ચૂંટણી, સમાજવાદી પક્ષના પ્રમુખશ્રી મુલાયમસિંહનો મત રદ્દ, ચૂંટણીપંચનો આખરી નિર્ણય.
- એર ટ્રાફિકમાં ૩.૮ ટકાનો ઘટાડો નોંધાતા ચિંતા.
- ચીનમાં મીની સ્કર્ટ પહેરી પાર્કમાં પ્રવેશતી મહિલાને ૫૦ ટકા ટિકિટ રાહત.
- અમદાવાદમાં બાઇકર્સ ગેંગનો આતંક યથાવત. ત્રણ ગાડીના કાચ તોડી ગેંગ ફરાર.
- બી.એસ.એન.એલ.નો '૭૮૬' નો ધમાકો. પવિત્ર રમઝાન માસ સંદર્ભે પ્રિ-પ્રેઇડ મોબાઇલમાં રૂા. ૭૮૬ની સ્કીમ, જન્માષ્ટમીમાં નવી સ્કીમ આવશે.
- દ્વારકા-સોમનાથના પ્રવાસે ભાજપના અગ્રણી ઉમા ભારતી.
- ડાયાબિટીસના દર્દીઓને પણ મોંઘવારી નડશે! ઇન્સ્યુલીન મોઘું થશે.
- ડ્રગ ઓથોરીટીએ ૧૦% સુધી ભાવવધારાની મંજૂરી આપી.



ગુજરાતના વિકાસ અર્થે જાપાનની મુલાકાતે જઈ રહેલા સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્રદ્રષ્ટા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને શુભેચ્છા આપવા હજ કમીટીના ડાયરેક્ટર અને પ્રદેશ લઘુમતિ મોરચાના અગ્રણી યુનુસભાઈ શેખે શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## પાયકા કેન્દ્ર બાલવાનો આર્ચરીમાં વિજય

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર જિલ્લા કક્ષા પાયકા આર્ચરીની સ્પર્ધાનું પાયકા કેન્દ્ર બાલવા ખાતે તાજેતરમાં સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૮ ખેલાડીઓએ ભાગ લીધો હતો. પાયકા કેન્દ્ર બાલવાના ખેલાડીઓએ સુંદર પ્રદર્શન કરી રાજય કક્ષાની સ્પર્ધામાં પસંદગી મેળવી છે.

પાયકા આર્ચરી સ્પર્ધામાં બાલવાના અંડર ૧૬ ભાઈઓમાં જશ પટેલ, રવિ એ. ચૌધરી, રવિ બી. ચૌધરી, નિલેષ ચૌધરી તથા બહેનોમાં અર્પિ પટેલ, મિત્તલ ચૌધરી, જાનુ ચૌધરી અને પ્રિયંકા ચૌધરીએ રાજય કક્ષાએ પસંદગી મેળવી શાળા, ગામ અને ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. ભાગ લેનાર અને નંબર પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને તેમજ તેમને માર્ગદર્શન આપનાર પાયકા કેન્દ્ર બાલવાના ક્રિડા શૈલેષકુમાર પટેલને અધ્યક્ષ અર્જૂનસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા છે.

## કલોલ શહેરમાં પ્રદૂષિત પાણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેસગ્રીડ બનાવી પાઈપલાઈનથી રાંધણગેસ આપવાની યોજનાના ત્વરિત અમલીકરણની માંગણી કરી હતી તેમજ માણસા શહેરમાં હાલ હોમ ડીલવરીથી ગેસની બોટલો સમયસર નહિ મળતી હોવાની ફરિયાદો પણ કરી હતી.

શ્રી ઠાકોરે આજની બેઠકમાં માણસા શહેરને રીંગરોડથી સાંકળવાનું સર્વે કામ થઈ ગયાને ઘણો સમય વીતી ગયા બાદ કામ હાથ નહિ ધરાયુ હોવાથી નારાજગી વ્યક્ત કરી હતી.

સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટરશ્રીએ વિવિધ કચેરીઓની કામગીરીની સમીક્ષા કરી તુમાર નિકાલ, વેરા વસુલાત તેમજ પેન્શન કેસોના ઝડપી નિકાલ માટે પણતાકીદ કરી હતી.

આજની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એ. ગાંધી, જિલ્લા પોલીસ વડા અર્ચના શિવહરે, મ્યુનિ. કમિશનરશ્રી ખરસાણ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.